# આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

# સંતરામપુર

## NSS વાર્ષિક શિબિર

વર્ષ:- 2019/20

તારીખ :- 09/12/2019 થી 15/12/2019

સ્થળ:- ભંડારા ફળીયા વર્ગ પ્રા.શાળા, ભંડારા

પો.ઉખરેલી, તા :- સંતરામપુર

| **ક્રમ** | **એકટીવિટી** | **તારીખ** |
|---|---|---|
| **1** | ઉદ્ઘાટન સમારોહ | **09/12/2019** |
| **2** | ગ્રામ સફાઈ, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ | **10/12/2019** |
| **3** | આંખોની પ્રાથમિક તપાસ કેમ્પ., ગામનો સર્વે | **11/12/2019** |
| **4** | વૃક્ષારોપણ, બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ., મહાત્મા ગાંધી ક્વિઝ | **12/12/2019** |
| **5** | પંચામૃત ડેરી ગોધરાની મુલાકાત, મરડેશ્વર મહાદેવ શહેરા ની મુલાકાત | **13/12/2019** |
| **6** | યોગ શિબિર અને ગ્રામીણ રમતો, ધારાસભ્યશ્રીની મુલાકાત | **14/12/2019** |
| **7** | ઇનામ વિતરણ અને પ્રમાણપત્ર વિતરણ | **15/12/2019** |

**<u>ઘટમાં ઘોડો થનગને</u>**

**<u>આતમ વિંજે પાંખ,</u>**

**<u>અણદીઠેલ ભોમ પર</u>**

**<u>યૌવન માંડે આંખ.</u>**

## NOTE ME BUT YOU

NSS (રાષ્ટ્રીય સેવા યોજના) યુવાનીના ઉંબરે ડગ ભરતા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત થાય, સમાજના વાસ્તવિક પ્રશ્નો થી વિદ્યાર્થીઓ વાકેફ થાય, વળી પોતાના અવકાશ નો સમય, શક્તિ અને આવડતનો સદુપયોગ કરી રાષ્ટ્રના નવ નિર્માણમાં સહભાગી થાય તે માટેની યોજના છે. વિદ્યાર્થીઓમાં સામાજિક સેવા પ્રત્યે રસ રુચિ પેદા થાય અને તેઓમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસિત થાય તેવો ઉદ્દેશ આ યોજનામાં રહેલો છે.

આ યોજના ની વાર્ષિક શિબિર એટલે વિદ્યાર્થીઓ માટે એક અતિ આનંદ અને ઉત્સાહનો પ્રસંગ, સ્વયમ શિસ્ત નિયમિતતા જવાબદારી શારીરિક શ્રમ સમાજ માટેની નિષ્ઠા નેતૃત્વ ઘડતર અને એવું ઘણું બધું છે શબ્દોમાં વર્ણવી ન શકાય. વિદ્યાર્થીઓમાં રહેલા જ્ઞાન આવડત રસ ઉત્સાહનો સમાજ માટે ઉપયોગ કરવાની સાથે સાથે પોતાના જાત અનુભવો દ્વારા જીવન ઘડતર કરવાનો પ્રસંગ.

આવા ઉત્સાહ અને ઉમંગ સાથે અમારા NSS યુનિટ ની વર્ષ 2019/20 ની વાર્ષિક શિબિર તા :- 09/12/2019 થી તા :-15/12/2019 દરમિયાન ભંડારા ફળિયા વર્ગ પ્રાથમિક શાળા, ગામ ભંડારા પોસ્ટ ઉખરેલી તાલુકો સંતરામપુર મુકામે યોજાઈ આ શિબિરના સાત દિવસ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોથી ભરપૂર રહ્યા. યજમાન શાળાના બાળકો સ્ટાફ તથા ગ્રામજનો શિબિર ની વિવિધ પ્રવૃત્તિઓમાં સતત સહભાગી થયા આ શિબિર નો ટુકો અહેવાલ અહીં રજૂ કરૂં છું.

## <u>તારીખ:-09/12/2019</u>

શિબિર નો પ્રથમ દિવસ ઉદ્ઘાટન અને ગ્રામજનોના પરિચય માટેનો દિવસ હતો. સવારે 10:00 કલાકે તમામ NSS વોલન્ટીયર્સ શિબિર સ્થળે પહોંચી ગયા હતા યજમાન શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ ડીંડોર સરપંચ શ્રી ના પતિ શ્રી ભલાભાઇ ડીંડોર તેમજ SMC અધ્યક્ષ હીરાભાઈ પટેલિયા સાહેબ અમારા સૌનું સ્વાગત કર્યું હતું. અગાઉથી જ વિદ્યાર્થીઓની ટીમો પાડી દેવામાં આવી હતી. NSS વોલન્ટીયર્સ ને ઉતારા માટે રૂમો ફાળવી દેવામાં આવ્યા હતા. તમામ વોલન્ટીયર્સ ઉદ્ઘાટન માટે ની તૈયારી ની શરૂઆત કરી દીધી કેમ્પસ સફાઈ સ્ટેજ ગોઠવણી અને માઇક સેટિંગ કરી દીધું. શાળાના બાળકોની સાથે રાખી વોલન્ટીયર્સ ગામમાં ગ્રામજનોને આમંત્રણ પણ આપી આવ્યા હતા.

બપોરના 2:30 કલાકે ઉદઘાટન શિબિર શરૂ થયો. ઉદ્ઘાટન તરીકે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના NSS કો. ઓર્ડીનેટર ડોક્ટર નરસીભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા મુખ્ય મહેમાન તરીકે સંતરામપુર તાલુકાના મામલતદાર શ્રી કે જે વાઘેલા સાહેબ હાજર રહ્યા હતા અમારી કોલેજના આચાર્યશ્રી અભય પરમાર સાહેબ તથા સ્ટાફ મિત્રો પણ યજમાન શાળામાં બાળકો અને સ્ટાફ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગામના સરપંચ શ્રી અને ભલાભાઇ ડીંડોર ઉદ્ઘાટન શિબિરમાં ઉપસ્થિત તમામ લોકો માટે ભોજન ની વ્યવસ્થા કરી હતી.













આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: ખાસ શિબિર ::
NOT ME BUT YOU





## તારીખ :-10/12/2019

આજે શિબિર નો બીજો દિવસ યોગ કસરત અને પ્રાર્થના પછી કામની વહેંચણી કરી સવારે ગામના સ્વચ્છતા રેલી કાઢવામાં આવી ત્યારબાદ ગ્રામ સફાઈ નો કાર્યક્રમ રાખ્યો શાળા કેમ્પસ અને રોડ રસ્તા પરના જાડી જાખરા કાપ્યા આજે શિબિરમાં ગ્રામજનો સમક્ષ અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ રજૂ કરવાનો હતો તે માટે દરેક ગ્રામજનોને જાણ કરવામાં આવી હતી.

ગ્રામ્ય સમાજમાં એમાંય આદિવાસી વિસ્તારોમાં અંધશ્રદ્ધા અને વહેમનું પ્રમાણ વધુ હોય છે ત્યારે આ દુષણ દૂર કરવા આ કાર્યક્રમ રાખ્યો હતો આ માટે માલવણ આર્ટસ કોલેજના પ્રોફેસર સત્યમ જોશી સાહેબ આવ્યા હતા શાળાના બાળકો અને ગ્રામજનો તેમજ વોલન્ટીયર્સ વિશાળ હાજરીમાં પ્રોફેસર જોષી એ વિવિધ પ્રયોગો કરી બતાવ્યું કે નારિયેળ માંથી કંકુને ચુંદડી કાઢવી માતાજી આવવા મેલી શક્તિ આવી, હાથમાં આગ લગાવી, વગેરે ટ્રીક રજૂ કરી સામાન્ય રીતે ઢોંગી બાબાઓ કે જાદુગરો જે ટ્રીક વાપરતા હોય છે તેની સાચી સમજ ગામ જનો આપી.

બપોર બાદ વોલન્ટીયર્સ વૃક્ષારોપણ માટે ખાડા ખોદવા તથા સૂત્ર લેખન માટે દીવાલ સફાઈ કરી રોડ અને રસ્તા પરના જાડી જાખરા કાપ્યા.







રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
ખાસ શિબિર
NOT ME BUT YOU


N.S.S.
ખાસ શિબિર
BUT YOU


શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા સંલગ્ન
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુ
રાષ્ટ્રીય સેવા યોજ
N.S.S.
:: ખાસ શિબિર ::
NOT ME BUT YOU







## <u>તારીખ:-11/12/2019</u>

આજે શિબિર નો ત્રીજો દિવસ હતો સવારે સફાઈ યોગ કસરત અને પ્રાર્થના પછી વોલન્ટીયર્સ આગળના દિવસના અનુભવો જણાવવા માટે કહેવામાં આવ્યું. વોલન્ટીયર્સ પોતાના અનુભવો જણાવ્યા બાદ કામની વહેંચણી કરવામાં આવી.

આજે મુખ્ય બે કાર્ય કરવાના હતા એક ગામનો સર્વે અને બીજું ગ્રામજનો માટે આંખોની પ્રાથમિક તપાસ કેમ્પની ગોઠવણી સવારમાં તમામ વોલન્ટીયર્સ ગામનો સર્વે કરવા ગયા દરેક વોલન્ટીયર્સ ને એક સર્વે ફોર્મ આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ફળીએ ફળીએ દરેક ઘરની માહિતી એકત્રિત કરી જઈને ઘર દીઠ માહિતી એકત્રિત કરી ફોર્મ ભર્યા. વોલન્ટીયર્સ ખૂબ જ ઉત્સાહથી સર્વે કામગીરી કરી અને તેના તારણો પણ કાઢ્યા. જેમ કે ગામમાં નળ વાટે પાણી મળતું નથી. અને કેટલાક ઘરોમાં ટોયલેટ નથી જાગૃતિ પણ ઓછી જોવા મળી લગભગ વડીલો પાસે સિનિયર સિટીઝન કાર્ડ નથી ઘણા પરિવારો પાસે મા અમૃતમ કાર્ડ પણ નથી આધારકાર્ડ અને ચૂંટણી કાર્ડ લગભગ બધા પાસે છે.

સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ની મદદથી આજે 11:00 કલાકે આંખોની પ્રાથમિક તપાસ કેમ શરૂ કરવામાં આવ્યો ડોક્ટર ગોવિંદભાઈ ચારેલ તથા ડોક્ટર નિકિતાબેન પરમાર (CHO કડાણા ) પોતાની સેવા આપવા આવ્યા હતા.

આ કેમ્પનો ઉદ્દેશ ગ્રામજનોની આંખોમાં મોતિયો ઝામર આંખના નંબર વગેરે જાણકારી મેળવી તેની યોગ્ય સારવાર આપવાનો હતો કુલ ૭૬ ગ્રામજનોએ આ કેમ્પનો લાભ લીધો જેને વધુ જરૂર જણાય તેવા ગ્રામજનોને સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું.







ટ્રેકોમા (નેત્રખીલ)
એલીમીનેશન કાર્યક્રમ ગુજરાત
સ્ટેટ હોસ્પિટલ, સંતરામપુર, જિ. મહીસાગર
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા સંલગ્ન
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.






શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા સંલગ
રાષ્ટ્રીય સેવા યોજના

## તારીખ:-12/12/2019

શિબિર ના આજના ચોથા દિવસે નિત્યક્રમ મુજબ યોગ કસરત પ્રાર્થના પછી આગળના દિવસના અનુભવો વર્ણવ્યા હતા. ત્યારબાદ વોલન્ટીયર્સ દરેક ટીમને કાર્યની ફાળવણી કરવામાં આવી એક ટીમ વૃક્ષારોપણ બીજી ટીમ શાળા કેમ્પસમાં હયાત વૃક્ષોને રંગ કામ કરવાના ત્રીજી ટીમ સુવાક્ય લેખનની કામગીરી સોંપી હતી પ્રથમ ટીમે શાળાની આજુબાજુ આવેલ આંગણવાડીમાં કેમ્પસમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટરના કેમ્પસમાં તથા શાળાની આગળના દરવાજાની અને રોડ તરફ વૃક્ષારોપણ કર્યું બીજી ટીમે વૃક્ષોને સુંદર તિરંગા કલરમાં રંગ્યા તથા ત્રીજી ટીમે શાળાની કમ્પાઉન્ડ વોલ પર સુંદર અક્ષરે સૂત્રો લખ્યા હતા.

આજે શિબિરમાં ગ્રામજનો માટે બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું હતું તે માટે ચોથી ટીમે જવાબદારી સોપી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉખરેલીના ડોક્ટર દામાસાહેબ તરફથી સૂચના મળતા ડોક્ટર અજીતભાઈ પી તડવી (CHO ભંડારા) પારગી ચારુ બેન આર (FHW ભંડારા ) તથા ભમાત લીલાબેન વી FHW પોતાની સેવા આપવા આવ્યા હતા.67 જેટલા ગ્રામજનો એ શિબિરમાં પોતાની તપાસ કરાવી આ કેમ્પનો લાભ લીધો હતો ગ્રામજનોએ આટલી મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો જેથી અમારો ઉત્સાહ ખૂબ જ વધ્યો હતો.

શાળાના બાળકો માટે ચિત્ર અને મહેંદી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું શાળાના બાળકોથી તેમાં ભાગ લીધો હતો.NSS નો ઉદ્દેશ મહાત્મા ગાંધીના આદર્શોને જીવનમાં ચરિતાર્થ કરવાનો છે ત્યારે સાંજે NSS વોલન્ટીયર્સ માટે મહાત્મા ગાંધી ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહાત્મા ગાંધીજીના જીવન અને કાર્ય સંબંધી એક લેખિત ક્વિસ તૈયાર કરી વિદ્યાર્થીઓને પરીક્ષા લેવામાં આવી હતી.












બિર ::
તા. ૧૫/૧૨/૨૦૧૯
સંતરામપુર, જિ. મહીસાગ
BUT YOU




આદિવાસી આર્ટ્સ
રાષ્ટ્રીય સેવ
10 Golden Rules For Diabetic Diet




આદિવાસી આર્ટ્સ એન્ડ
રાષ્ટ્રીય સેવા
10 Golden Rules For Diabetic Diet

## તારીખ :-13/12/2019

આજે શિબિરાર્થી હોવે પંચમહાલ જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા પંચામૃત ડેરી ગોધરાની મુલાકાત નું આયોજન કર્યું હતું લગભગ સવારે 10 વાગ્યે ત્રણ ગાડી કરીને ગોધરા પહોંચી ગયા વહીવટ તંત્રની મંજૂરી લઈને બબ્બે ની જોડીમાં લાઈન બંધ ડેરીમાં પ્રવેશ કર્યો ડેરી વહીવટ તંત્ર તરફથી ગાઈડની વ્યવસ્થા આપવામાં આવી હતી.

ગાઈડ અમને બધાને સર્વ પ્રથમ બોઇલર વિભાગમાં લઈ ગયા જ્યાં દૂધને ગરમ કરવામાં આવે છે ગાય ગેસ અને ઓઇલની સગવડ બોઇલર ની કામગીરી જણાવી. પંચામૃત ડેરીમાં રોજનું લગભગ 12 લાખ લીટર દૂધ આવે છે તથા તેમાં પાંચથી છ હજાર જેટલા લોકોને રોજગારી મળે છે. આ માહિતી ગાઈડ તરફથી અમને મળી. સમગ્ર ડેરી કેમ્પસમાં સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી હતી માખી મચ્છર કે ગંદકી નામો નિશાન ન હતું

ત્યારબાદ ડેરીમાં તમામ વોલન્ટીયર્સ ભોજન કરાવ્યું હતું. ડેરીની મુલાકાતથી પરત ફરતા રસ્તામાં શહેરા પાસે આવેલ પ્રસિદ્ધ મરડેશ્વર મહાદેવ મંદિરમાં દર્શનનો લાભ લીધો હતો અને પછી સાંજે ભરત પાછા ફર્યા હતા.









NATIONAL SERVICE SCHEME









**<u>તારીખ :-14/12/2019</u>**

શિબિરના છઠ્ઠા દિવસે સવારે સફાઈ કસરત યોગા પછી ગામમાં ચૂંટણી જાગૃતિ અંગે રેલી કાઢવામાં આવી અને ગ્રામજનો માટે યોગ શિબિરનું આયોજન હતું. જોગ નિષ્ણાંત તરીકે વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી ગુજરાત પ્રાંત વડોદરા વિભાગના સંતરામપુર શાખાના કાર્યકર શ્રી દીપકભાઈ ચાવડા તથા શ્રી ભરતભાઈ ચૌહાણ હાજર રહ્યા હતા. તથા તેમની સાથે અર્જુનભાઈ પાર્ટી અને હર્ષભાઈ પણ હાજર રહ્યા.

યોગાસન બાદ શાળાના ભૂલકાઓ માટે વિવિધ શરીર અને મનની શક્તિઓ વિકાસ થાય તેવી રમતો રમાડવામાં આવી હતી વિવેકાનંદ કેન્દ્રની શિબિરમાં રમાતી વિવિધ રમતો રમીને શાળાના બાળકો ખૂબ જ ખુશ થયા હતા.

ત્યારબાદ સાંજના સમયે સંતરામપુર વિસ્તારના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીંડોર NSS શિબિરાર્થી ની મુલાકાત લીધી હતી. ધારા સભ્ય શ્રી દરેક શિબિરાર્થી પરિચય પૂછ્યો હતો તથા પોત પોતાના ગામના પ્રશ્નો અને સમસ્યાઓ જણાવવા કહ્યું હતું. ધારાસભ્યશ્રી ની મુલાકાતની સાથે સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો વડીલો પણ ઉપસ્થિત હતા તેમણે આવતીકાલે યોજાનાર સમાપન સમારંભ વિશે પણ ચર્ચા કરી હતી.






ગુરૂ યુનિવર્સિટી ગોધરા સંલગ્ન
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
શિબિર











**<u>તરીખ:-15/12/2019</u>**

આજે NSS શિબિર નો છેલ્લો દિવસ હતો નિત્યક્રમ પછી વોલન્ટીયર્સ સમાપન સમારોહ ની તૈયારી એ લાગી ગયા હતા.

સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સંતરામપુર વિસ્તારના ધારાસભ્ય શ્રી ડોક્ટર કુબેરભાઈ ડીંડોર, મુનપુર કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર મહેશ મહેતા, સંતરામપુરના અગ્રણી નાગરિક સીસી તાવિયાડ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કોલેજ સ્ટાફ તથા મોટી મોટી સંખ્યામાં ગ્રામજનો પણ હાજર રહ્યા હતા તેથી અમારી જવાબદારીઓ પણ વધી ગઈ હતી ગ્રામજનો તરફથી મંડપની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

વોલન્ટીયર્સ દ્વારા સ્ટેજ માઈક વગેરે તૈયારી કરી દીધી હતી. શાળાના વિદ્યાર્થીઓનેઆપવાની કીટ ઇનામ ભેટમાં મળેલા ચોપડા વોલન્ટીયર્સ એ સર્ટિફિકેટ વગેરે સ્ટેજ પાસે ગોઠવી દીધા હતા.

સવારે 11:00 કલાકે મહેમાનોના આગમન પછી અમારો સમાપન સમારો શરૂ થયો. પ્રથમ પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અમારી કોલેજમાં પ્રિન્સિપાલ ડોક્ટર અભય પરમાર સાહેબ ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પુષ્પગુજ થી સ્વાગત કરવામાં આવ્યું હતું.

P. O ડૉ.એ જી ઠાકોર સાહેબે મહેમાનોનું સ્વાગત કરી સીબીર દરમિયાન થયેલી વિવિધ કામગારીઓનો અહેવાલ આપ્યો અને ગ્રામજનોના અદભુત સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓએ સીબી રંગે પોતાના પ્રતિભાવ આપ્યા હતા મોનપુર કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર મહેશ મહેતા સાહેબ સુંદર વ્યાખ્યાન આપ્યુ હતું ત્યારબાદ ધારાસભ્ય શ્રી ડોક્ટર કુબેરભાઈ ડીંડોરે પણ વોલન્ટીયર્સ અને ગ્રામજનોને પોતાનો શુભેચ્છક સંદેશ આપ્યો હતો.

યજમાન શાળાના બધા જ બાળકોને વિવેકાનંદ કેન્દ્ર તરફથી બે બે ચોપડા ભેટ આપવામાં આવ્યા હતા ચિત્ર અને મહેંદી સ્પર્ધામાં વિજેતા શાળાના વિદ્યાર્થીઓએ માટે પ્રોફેસર ઈશાક પટેલ તરફથી બાળકોને ઇનામ આપવામાં આવ્યા હતા પ્રથમ અને બીજા ધોરણના બાળકોને તમામ ની કંપાસ કીટ પાટીયુ અને ચિત્રપોથી આપવામાં આવી મહાત્મા ગાંધી ક્વિઝમાં વિજેતા વોલન્ટીયર્સ ને પણ ઇનામઆપવામાં આવ્યા હતા. ધારાસભ્ય શ્રી તરફથી દરેક વોલન્ટેસને ડાયરી ભેટ આપવામાં આવી અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

P. O તરીકે આ મારી પ્રથમ શિબિર હતી આ શિબિર ને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય,શ્રી અભય પરમાર તરફથી ખૂબ પ્રેરણા મળી કોલેજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વનરાજભાઈ ડામોર ની હૂંફ મળી મિત્રો પ્રાધ્યાપિકા શકુંતલાબેન ડોક્ટર કામિની દશોરા સતત શિબિરમાં સહકાર આપ્યા રહેતા હતા નીતિનભાઈ પંડ્યા ડીડી વસાવા હિતેશભાઈ વાડીયા ઇશાક પટેલ નો પણ સાથ સહકાર મળ્યો.

શિબિર ના ઉદ્ઘાટન પ્રસંગમાં હાજર રહીને ડોક્ટર નરસીભાઇ પટેલે(યુનિ. NSS CO ORDINATOR ) પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું સંતરામપુર મામલતદાર શ્રી કે જે વાઘેલા સાહેબ, સ્ટેટ હોસ્પિટલ સંતરામપુર માં ડોક્ટર રાઠવા સાહેબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉખરેલી ડોક્ટર દામા સાહેબ નો પણ સહકાર મળ્યો. યજમાન શાળાના આચાર્યશ્રી રમેશભાઈ ડીંડોર તથા તેમનો સમગ્ર સ્ટાફ સતત સાત દિવસ અમારી સાથે રહ્યો સરપંચ શ્રી નૂરતા બહેન તથા ભલાભાઇ ઉદ્ઘાટન શિબિરનું ભોજન ખર્ચ ઉપાડી લીધો તથા ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડિંડોર,જગદીશભાઈ ડામોર, દલાભાઈ ડામોર,સમાપન સમારંભ ભોજન ખર્ચ ઉપાડી અમારી ખૂબ જ મદદ કરી આ બધાનો હું હંમેશા રૂણી રહીશ.






N.S.S.









